# વડા પ્રધાનની ભૂટાનના મહામહિમ રાજા સાથે મુલાકાત

22 માર્ચ, 2024

વડા પ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ આજે થિમ્પુમાં ભૂટાનના મહામહિમ રાજા જીગ્મે ખેસર નામગ્યેલ વાંગચુક સાથે મુલાકાત કરી. પારોથી થિમ્પુ સુધીના પ્રવાસ દરમિયાન લોકોએ તેમનું અભિવાદન કરતાં વડા પ્રધાને તેમના અસાધારણ જાહેર સ્વાગત બદલ મહામહિમનો આભાર માન્યો.

2. વડા પ્રધાન અને ભૂટાનના મહામહિમ રાજાએ ગાઢ અને અનોખી ભારત-ભૂટાન મિત્રતા પર ઊંડો સંતોષ વ્યક્ત કર્યો. વડા પ્રધાને બંને દેશો વચ્ચે મિત્રતા અને સહયોગના ગાઢ સંબંધોને આકાર આપવાના અનુસંધાનમાં ડ્રુક ગ્યાલ્પોસ દ્વારા પ્રદાન કરવામાં આવેલ માર્ગદર્શક દ્રષ્ટિ માટે તેમની પ્રશંસા કરી હતી.

3. આ બેઠકે દ્વિપક્ષીય સહકારના સમગ્ર સ્તરની સમીક્ષા કરવાની તક પૂરી પાડી હતી. ભૂટાન માટે ભારત અને ભારત માટે ભૂટાન એ કાયમી વાસ્તવિકતા હતી તે યાદ કરીને, બંને નેતાઓએ પરિવર્તનકારી ભાગીદારીને આગળ વધારવાના માર્ગો પર ચર્ચા કરી. તેમણે ઉર્જા, વિકાસ સહકાર, યુવા, શિક્ષણ, ઉદ્યોગસાહસિકતા અને કૌશલ્ય વિકાસના ક્ષેત્રોમાં દ્વિપક્ષીય સહયોગને વિસ્તારવા માટેની પહેલોની પણ ચર્ચા કરી. બંને નેતાઓએ ગેલેફુ માઇન્ડફુલનેસ સિટી પ્રોજેક્ટના સંદર્ભમાં કનેક્ટિવિટી અને રોકાણ દરખાસ્તોમાં પ્રગતિ અંગે પણ ચર્ચા કરી હતી.

4. ભારત અને ભૂટાન મૈત્રી અને સહકારના અનન્ય સંબંધોનો આનંદ માણે છે, જે પરસ્પર વિશ્વાસ અને સમજણના આધારે વિકસેલ છે.

**થિમ્ફૂ**
**22 માર્ચ, 2024**